**માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫,**
**તમામ જાહેર સતામંડળોની કચેરીઓ ખાતે જાહેર માહિતી અધિકારીઓ અને અપીલ અધિકારીઓના નામના સાઇન બોર્ડ મૂકવા બાબત**

689609

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ વીએચએસ ૧૦૨૦૦૫/૨૫૫૬/આર.ટી.આઇ.સેલ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ ૦૩/૧૦/૨૦૧૩

વંચાણે લીધાઃ-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૫/૧૨/૨૦૦૫ નો પત્રક્રમાંક વહસ/૧૦૨૦૦૫/૨૫૫૬/આર.ટી.આઇ. સેલ
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૧/૦૯/૨૦૦૮ નો પત્ર ક્રમાંક વહસ/૧૦૨૦૦૮/૨૫૫૬/આર.ટી.આઇ.સેલ

## પરિપત્ર

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ તારીખઃ૧૫/૧૨/૨૦૦૫ અને તારીખઃ૧૧/૦૯/૨૦૦૮ ના પત્રોથી માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ તમામ જાહેર સત્તામંડળો ખાતે નિમવામાં આવેલ જાહેર માહિતી અધિકારીઓ, મદદનીશ જાહેર માહિતી અધિકારીઓ અને અપીલ અધિકારીઓના નામ અને હોદ્દાની વિગતો દર્શાવતા સાઇનબોર્ડ તમામ જાહેર સત્તામંડળોની કચેરીઓ ખાતે મુકવામાં આવે તે માટે તમામ વહીવટી વિભાગોને સુચનાઓ આપવામાં આવેલ હતી.

૨. કેટલાક જાહેર સત્તામંડળો ધ્વારા સરકારશ્રીની આ સુચનાઓનો અમલ કરવામાં આવેલ નથી. તેવી રજૂઆતો રાજય માહિતી આયોગને અરજદારો ધ્વારા કરવામાં આવેલ છે. જાહેર સત્તામંડળ ખાતે નિમવામાં આવેલ જાહેર માહિતી અધિકારીઓ, મદદનીશ જાહેર માહિતી અધિકારીઓ અને અપીલ અધિકારીઓના નામ અને હોદ્દાની વિગતો દર્શાવતા સાઇનબોર્ડ અરજદાર નાગરિકો/મુલાકાતીઓ જોઇ શકે તેમ મુકવામાં આવેલ ન હોવાને કારણે અરજદાર નાગરિકોને માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ માહિતી મેળવવાની કામગીરીમાં અનેક મુશ્કેલીઓ પડે છે. અરજદાર નાગરિકને પડતી આ મુશ્કેલીઓને ધ્યાને લઇને રાજય માહિતી આયોગે તારીખઃ૪/૦૯/૨૦૧૩ ના રોજ પત્રથી નીચે મુજબ ઠરાવેલ છે.

"રાજયના તમામ જાહેર સત્તામંડળોએ તેમની કચેરીઓમાં માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ નિયુકત કરવામાં આવેલ જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ અધિકારીઓના નામ અને હોદ્દો દર્શાવતા બોર્ડ કચેરી ખાતે જાહેર જનતા જોઇ શકે તેવી જગ્યાએ પ્રદર્શિત કરવા."

૩. આથી રાજયના તમામ જાહેર સત્તામંડળોને તેમની કચેરી ખાતે માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ નિયુકત કરવામાં આવેલ જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ અધિકારીઓના નામ અને હોદ્દો દર્શાવતા બોર્ડ કચેરી ખાતે જાહેર જનતા જોઇ શકે તેવી જગ્યાએ પ્રદર્શિત કરવા માટે અને જયારે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારીઓના નામ અને હોદ્દો બદલાય ત્યારે તાત્કાલિક તેમાં સુધારો કરવા માટે આથી સુચના આપવામાં આવે છે.

Legal
23/10/13

તમામ વહીવટી વિભાગોએ અને તેમના નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તામંડળોએ તેમની કચેરીના પ્રવેશદ્વાર ખાતે જાહેર જનતા જોઇ શકે અને સ્પષ્ટ રીતે વાંચી શકે તેવા સુવાચ્ય અક્ષરોમાં સાઇન બોર્ડ તાકીદે મુકવાના રહેશે. આગામી છ માસમાં આ કામગીરી રાજયના તમામ જાહેર સત્તામંડળો દ્વારા પુરી કરવાની રહેશે. વહીવટી વિભાગોએ તેમના નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તા મંડળોને આ સુચના પરિપત્રિત પણ કરવાની રહેશે અને સુચના મુજબની કામગીરી તાકીદે પુરી કરવામાં આવે તેની તકેદારી રાખવાની રહેશે.

આ સુચનાઓનો તમામ વહીવટી વિભાગો અને તેમના નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તામંડળો દ્વારા ચુસ્ત અમલ કરવા આથી અનુરોધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.સી.પટેલ)
નાયબ સચિવ(આર.ટી.આઇ)
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય ગાંધીનગર.
- તમામ માનનીય મંત્રીશ્રીઓ/ રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય , સચિવાલય ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત વિધાનસભા સચિવાલય ગાંધીનગર
- સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેક્ટર-૧૮, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો આ સુચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તા મંડળોને પરિપત્રિત કરવા સારૂ
- સેકશન અધિકારીશ્રી, આઇ.ટી., વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગ નવા સચિવાલય ગાંધીનગર.
- - આ પરિપત્ર gswan Popup પર અને http://gswan.gov.in/htm પર મુકવા સંબંધિતને સુચના આપવા અર્થે
- સર્વે જિલ્લા કલેકટરશ્રી/સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી/સર્વે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી,
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ
- ના.સે.અધિકારી સીલેકટ ફાઇલ
- શાખા સીલેકટ ફાઇલ.
- પત્ર ધ્વારા

અગત્યનું/RTI

ક્રમાંક: પરચ/૧૦૨૦૧૩/૧૨૦૨/ ભ-૩
કૃષિ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧૦/૧૦/૨૦૧૩

પ્રતિ,
→ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ/ બોર્ડ/ કોર્પોરેશન/ નિગમ/ એજન્સીઓ/ કૃષિ યુનિ.ઓ ઉક્ત બાબતે જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ

સેકશન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

જા.નં.સદાંકૃયુ/રજી/લીગલ/ટે.ર/૧૧૦૨-૧૨/૨૦૧૩,

કુલસચિવશ્રી કચેરી,
સ.દાં. કૃષિ યુનિવર્સિટી,
સરદાર કૃષિનગર.
તા.૧૯/૧૦/૨૦૧૩.

અગત્યનું/R.T.I.

ઉપરોકત પરિપત્રમાં જણાવ્યા મુજબની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓ, મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રીઓ અને અપીલ અધિકારીશ્રીઓને આથી જણાવવામાં આવે છે.

કુલસચિવ

નકલ સવિનય રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી થવા સારૂ :–
– યુનિવર્સિટીના તમામ અપીલ અધિકારીશ્રીઓ તરફ...
– યુનિવર્સિટીના તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓ/મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રીઓ તરફ...

નકલ રવાના :–
– કુલપતિશ્રીના, કુલસચિવશ્રીના રહસ્ય સચિવ,સ.દાં.કૃ.યુ., સરદાર કૃષિનગર તરફ...
– નિયામકશ્રી, ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી, સ.દાં. કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર તરફ...
૨/– ઉપરોકત પરિપત્ર યુનીવર્સિટીની યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર મુકવા સારૂ. – A

CAICT, S.D. Agricultural University, Sardar Krushinagar
Inward
No. ૪૪૨
Dt. ૧૨-૧૧

T2
for A
11-12-13